IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી સમસ્યાઓનો અભ્યાસ

**સંશોધન છાત્ર**
**પટેલ ધર્મેન્દ્રકુમાર પ્રભાતભાઈ**
**શિક્ષણ વિદ્યાશાખા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**
**dharmendra2121990@gmail.com**
**માર્ગદર્શક**
**પ્રો.છનાભાઈ એન. ભીંસરા**
**શિક્ષણ વિદ્યાશાખા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

**પ્રસ્તાવના**

વીરનર્મદ દક્ષિણ ગુજરાતી યુનિવર્સિટી સલગ્ન બી. એડ્ અભ્યાસક્રમમાં પાઠ્યક્રમ તેમજ તેની સાથે સાથે EPC, ફિલ્ડવર્ક, પ્રોજેક્ટ, TLM તેમજ ઇન્ટર્નશશીપ નોઅભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ દરમિયાન શાળાકીય કામગીરી તેમજ પોતાની કોલેજ દ્વારા કરવા આપેલી કામગીરી વચ્ચે સમાયોજન સાધુ ઘણું જ મુશ્કેલરૂપ થઈ પડે છે. સંશોધક દ્વારા પ્રસ્તુત પેપર તાલીમાર્થીઓ ઇન્ટર્નશશીપ દરમિયાન કેવી કેવી સમસ્યાઓ અનુભવે છે તેનો અભ્યાસ કરવા માટે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

**વ્યાખ્યા**

**શિક્ષક-પ્રશિક્ષણ**

**સી.વી.ગુડ (૨૦૦૯) ના મટે,**

"શિક્ષક પ્રશિક્ષણ એટલે વ્યક્તિને આપવામાં આવતા બધા જ ઓપચારિક અને અનૌપચારિક અનુભવો તથા ક્રિયાઓ કે જે વ્યક્તિને શિક્ષણના વ્યવસાયમાં યોગ્યતા પ્રદાન કરે"

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષક પ્રશિક્ષણની કોલેજ એટલે વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો જેમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો સમાવેશ થયો હતો.

**તાલીમાર્થી**

**દેસાઈ અને શાહ (૨૦૦૨)ના મટે,**

"તાલીમાર્થી એટલે તાલીમ લેનાર જેને તાલીમ આપવામાં આવે છે."

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થી એટલે સ્નાતક કે અનુસ્નાતક પછી શિક્ષક પ્રશિક્ષણ કોલેજમાં તાલીમ લેવા માટે આવનાર વિદ્યાર્થી.

## ઇન્ટર્નશશીપ

"ઇન્ટર્નશશીપ એટલે યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે સેમેસ્ટર૩માં સાત અઠવાડિયા તેમજ સેમેસ્ટર૪માં આઠ અઠવાડિયા માટે શાળામાં જઈને મેળવવાની તાલીમ."

## પ્રસ્તુતસંશોધનનાહેતુઓ

૧. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.
૨. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી આર્થિક સમસ્યાઓ જાણવી.
૩. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી કૌટુંબિક સમસ્યાઓ જાણવી.
૪. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી સામાજિક સમસ્યાઓ જાણવી.

## પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો

૧. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી શૈક્ષણિક સમસ્યાઓ કઈ કઈ હોઈ શકે?
૨. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી આર્થિક સમસ્યાઓ કઈ કઈ હોઈ શકે?
૩. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતીકૌટુંબીક સમસ્યાઓ કઈ કઈ હોઈ શકે?
૪. શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતી સામાજિક સમસ્યાઓ કઈ કઈ હોઈ શકે?

## પ્રસ્તુત સંશોધનનું સીમાંકન

૧. પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાની શિક્ષક પ્રશિક્ષણ કોલેજો પૂરતું જ મર્યાદિત રહ્યું હતું.
૨. શિક્ષક પ્રશિક્ષણ કોલેજમાં બી.એડ કોલેજનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.
૩. બી.એડ કોલેજમાં માત્ર વી. એન. એસ. જી. યુ સંલગ્ન કોલેજોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.
૪. બી.એડ કોલેજના માત્ર સેમેસ્ટર ૩ ના જ તાલીમાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
૫. સ્વ રચિત ગૂગલફોર્મ દ્વારા જ માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી.

## વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનનો વિષય શિક્ષક પ્રશિક્ષણ કોલેજના તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઉદ્દ્ભવતીસમસ્યાઓનો અભ્યાસ હોવાથી વીર નર્મદ દક્ષિણ ગુજરાતની તમામ બીએડ કોલેજ તેમજ તાલીમાર્થીઓ પ્રસ્તુત સંશોધનનો વ્યાપ વિશ્વ બન્યું હતું.

જ્યારે વ્યાપ વિશ્વનો પ્રતિનિધિત્વ ધરાવતો ભાગ એટલે નમૂનો જેમાં ભરૂચ જિલ્લાની પાંચ બીએડ કોલેજના સેમેસ્ટર ત્રણ ના તાલીમાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ**

નમુનામાં સમાવિષ્ટ કોલેજના તાલીમાર્થીઓ પાસે માહિતી એકત્રિત કરવા માટે સ્વરચીત ગુગલફોર્મ બનાવવામાં આવ્યું હતું.

**માહિતી એકત્રીકરણની રીત**

સંશોધન યોજના સ્પષ્ટ હોય પરંતુ જો માહિતી એકત્રીકરણની પ્રક્રિયા કાળજીપૂર્વક ના પ્રયોજાયતો કોઈ અર્થ રહેતો નથી. માહિતીની સીધી અસર સંશોધનનાપરિણામો પર પડે છે. આથી જ માહિતી એકત્રીકરણ કાળજીપૂર્વક થાય એ અત્યંત આવશ્યક બની રહે છે. એ ન્યાય સંશોધકે સ્વરચિત ગુગલફોર્મ બનાવી નમૂનામાં સમાવિષ્ટ કોલેજોના આચાર્ય તેમજ અધ્યાપકનો સંપર્ક કરી તેમના તાલીમાર્થીઓને આ ગુગલફોર્મ ભરવા માટે જણાવવામાં આવ્યું હતું.

**માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થીઓ પાસેથી સ્વરચિત ગુગલફોર્મ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. અને તે મળેલી માહિતીની જરૂરી આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા ટકાવારી કાઢીને તારણોની પસંદગી કરવામાં આવી હતી.

**પ્રસ્તુતસંશોધનના તારણો**

૧. એક સાથે અનેક વર્ગો ક્યારેક લેવા પડતા તેથી સમસ્યાઓ અનુભવતા હતા.
૨. દરેક વર્ગો માટે તૈયારી અલગ અલગ કરવાની હોવાથી સમસ્યાઓ અનુભવતા.
૩. ઇન્ટર્નશશીપમાં અલગ અલગ શાળામાં જવાનું હોવાથી ત્યાં આવવા જવા માટે લાગતા નાણાને કારણે સમસ્યાઓ અનુભવતા.
૪. ઇન્ટર્નશશીપ દરમિયાન શાળામાં શૈક્ષણિક સાધનો પર થતા ખર્ચને કારણે સમસ્યાઓ અનુભવતા.
૫. કૌટુંબિક જવાબદારીને કારણે શાળા તેમજ કોલેજમાંથી બન્ને જગ્યાએ થી રજા ન મળતા સમસ્યાઓ અનુભવતા.
૬. શાળાનો સમય પૂર્ણ દિવસનો હોવાથી પરિવારના કાર્યમાં સમયના આપવાને કારણે સમસ્યા અનુભવતા.
૭. સામાજિક પ્રસંગોમાં સમયના આપી શકવાને કારણે તેઓ સમસ્યા અનુભવતા.
૮. સમાજની સાથે સાથે પરિવાર તેમજ ઇન્ટર્નશશીપ કાર્યક્રમને ન્યાય આપવામાં સમસ્યા અનુભવતા.

**સંશોધનનાફલિતાર્થો**

૧. તાસનું સમય આયોજન બરાબર કરતા શીખવી શકાય.
૨. વિષયાંગના પેટા મુદ્દાઓને કેવી રીતે ઓછી મહેનતે સારી રીતે અધ્યયન કરાવી શકાય તે શીખવી શકાય.
૩. કોલેજ દ્વારા તાલીમાર્થીઓને એમના નજીકના સ્થળે ઇન્ટર્નશશીપ માટેની વ્યવસ્થા ગોઠવી શકાય.
૪. કોલેજમાં શાળામાં જે TLM અથવા શૈક્ષણિક સાધનો છે તેનો ઉપયોગ કરતા શીખવી શકાય.
૫. વિધાર્થીને નિયમિતતાના ગુણો શીખવી શકાય.
૬. શાળાના સમય બાદ પણ પરિવારને સમય આપી જ શકાય છે તે જણાવી શકાય.
૭. સામાજિક પ્રસંગોને શાળા સાથે પણ ન્યાય આપી શકાય તે સમજાવી શકાય.
૮. પરિવાર/સમાજ/ઇન્ટનશીપ બધાનું જ એમને મૂલ્ય સમજાવી શકાય.

## ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન દ્વારા તાલીમાર્થીઓને ઇન્ટર્નશશીપ દરમિયાન ઊભી થતી સમસ્યાઓ જાણી તેને નિવારવાના ઉપાયો જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## સંદર્ભ

૧. મોહિની આચાર્ય (૨૦૦૯) શિક્ષક શિક્ષણ (દ્વીતીય આવૃત્તિ), અમદાવાદ: અક્ષર પબ્લિકેશન, પૃ.૨
૨. કે. જી.દેસાઈ અને આર.પી.શાહ (૧૯૮૯) શૈક્ષણિક પરિભાષા અને વિભાવના ( પ્રથમ આવૃત્તિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ: ગુજરાત રાજ્ય. પૃ.૨૫૧
૩. ઉચાટ(૨૦૧૨) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર.
૪. વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સલગ્નબીએડ્ પાઠ્યક્રમ